GLADE
CENTRUM
SHOPS I SHOWROOMS I OFFICES I BANQUETS

GLADE
aroma
3-4 BHK LUXURY APARTMENTS & SHOPS

# GLADE CENTRUM & AROMA

## As project is launched Newly, Project Block wise NOC is not applicable

FOR SANTRAM INFRATECH

PARTNER

a project by:
SANTRAM GROUP
Developers : **Santram Infratech**
**Site:**- Glade Centrum & Aroma, Besides Snehal Printing Press, Near Indian Oil Petrol Pump, New VIP Road, Vadodara.
**Ph.:** 63590 80801, 63595 63441 **Email:**- gladeone.aromainfo@gmail.com

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

(1) Rameshbhai Ambalal Shah and (2) Snehal Rameshbhai Shah

13. Rajgiri society, Behind Arya kanya vidhyalaya, Karelibaug, Vadodara - 390018.

Date: 21-06-2018

Valid Upto: 20-06-2026

**No Objection Certificate for Height Clearance**

1. This NOC is issued by Airports Authority of India (AAI) in pursuance of responsibility conferred by and as per the provisions of Govt. of India (Ministry of Civil Aviation) order GSR751 (E) dated 30th Sep. 2015 for Safe and Regular Aircraft Operations.

2. This office has no objection to the construction of the proposed structure as per the following details:

| | |
|---|---|
| NOC ID : | **VADO/WEST/B/052618/309702** |
| Applicant Name* | **Vinu B. Patel** |
| Site Address* | **F.P.No.264, R.S.No.175/6, T.P.S.No.5 of Village Savad, Taluka and dist. Vadodara.,Savad,Vadodara,Gujarat** |
| Site Coordinates* | 73 13 44.72-22 18 57.81, 73 13 45.55-22 18 57.07, 73 13 46.91-22 18 59.91, 73 13 47.89-22 18 58.95 |
| Site Elevation in mtrs AMSL as submitted by Applicant* | **37.05 M** |
| **Permissible Top Elevation in mtrs Above Mean Sea Level(AMSL)** | **83.05M** |

*As provided by applicant

3. This NOC is subject to the terms and conditions as given below:

a. Permissible Top elevation has been issued on the basis of Site coordinates and Site Elevation submitted by Applicant. AAI neither owns the responsibility nor authenticates the correctness of the site coordinates & site elevation provided by the applicant. If at any stage it is established that the actual data is different, this NOC will stand null and void and action will be taken as per law. The office in-charge of the concerned aerodrome may initiate action under the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules, 1994"

b. The Site coordinates as provided by the applicant in the NOC application has been plotted on the street view map and satellite map as shown in ANNEXURE. Applicant/Owner ensure that the plotted coordinates corresponds to his/her site.In case of any discrepancy,Designated Officer shall be requested for cancellation of the NOC

c. The Structure height (including any superstructure) shall be calculated by subtracting the Site elevation in AMSL from the Permissible Top Elevation in AMSL i.e. Maximum Structure Height = Permissible Top Elevation minus (-) Site Elevation.

d. The issue of the 'NOC' is further subject to the provisions of Section 9-A of the Indian Aircraft Act, 1934 and any notifications issued there under from time to time including the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules,1994.



FOR SANTRAM INFRATECH

PARTNER

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

e. No radio/TV Antenna, lighting arresters, staircase, Mumtee, Overhead water tank and attachments of fixtures of any kind shall project above the Permissible Top Elevation of 83.05M, as indicated in para 2.

f. Only use of oil fired or electric fired furnace is permissible, within 8 KM of the Aerodrome Reference Point.

g. The certificate is valid for a period of 8 years from the date of its issue.One time revalidation without assessment may be allowed, provided construction work has commenced,subject to the condition that such request shall be made within the validity period of the NOC and the delay is due to circumstances which are beyond the control of the developer.

h. No light or a combination of lights which by reason of its intensity, configuration or colour may cause confusion with the aeronautical ground lights of the Airport shall be installed at the site at any time, during or after the construction of the building. No activity shall be allowed which may affect the safe operations of flights

i. The applicant will not complain/claim compensation against aircraft noise, vibrations, damages etc. caused by aircraft operations at or in the vicinity of the airport.

j. Day markings & night lighting with secondary power supply shall be provided as per the guidelines specified in chapter 6 and appendix 6 of Civil Aviation Requirement Series B Part I Section 4, available on DGCA India website: www.dgca.nic.in

k. The applicant is responsible to obtain all other statutory clearances from the concerned authorities including the approval of building plans. This NOC for height clearances is to ensure the safe and regular aircraft operations and shall not be used as document for any other purpose/claim whatsoever, including ownership of land etc.

l. This NOC has been issued w.r.t. the Civil Airports. Applicant needs to seek separate NOC from Defence, if the site lies within their jurisdiction.

m. In case of any discrepancy/interpretation of NOC letter, English version shall be valid.

n. In case of any dispute w.r.t site elevation and/or AGL height, top elevation in AMSL shall prevail.

FOR SANTRAM INFRATECH

PARTNER

भारतीय विमानपत्तन प्राधिकरण Airports Authority of India

21/6/18

Chairman NOC Committee

Region Name: WEST

Address: General Manager Airports Authority of India, Regional Headquarter, Western Region, Opp. Parsiwada, Sahar Road, Vale Parle (E) MUMBAI-400099

Email ID: nocwr@aai.aero.

Contact No: 022-28300656


| | Name / Designation / Sign with Date |
|---|---|
| Prepared By : | Sawant (S.B Sawant) 21/06/18 |
| Verified By : | गिरीश श्रीवास्तव 21/06/18 |

ANNEXURE 309702

**Distance From Nearest Airport And Bearing**

| Airport Name | Distance (Meters) from the Nearest Runway | Bearing (Degree) |
|---|---|---|
| Vadodara | 1847.26 | 143.3 |

Street view




May 26 2018

1:3,600

Satellite View



May 26 2018

1:3,600

FOR SANTRAM INFRATECH

PARTNER

રીવી/એન.એ./એસ.આર/૧૧૦/૨૦૧૦-૨૦૧૧

નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/૧૨૯૩/૨૦૧૧
બિનખેતી શાખા, કલેકટર કચેરી,
કુબેરભવન ૬ ઠે માળ, રૂમ નં.૬૨૬
વડોદરા તા.૦૧ / ૦૪ / ૨૦૧૧

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી **શાહ રમેશભાઈ અંબાલાલ** વિગેરે રહે. ૧૩, રાજગીરી સોસાયટી, કારેલીબાગ, વડોદરાની **મોજે સવાદ તા.વડોદરાના સ.નં.૧૭૫/૬/પૈકી ૨ તથા ૧૭૫/૬/પૈકી ૩, ટી.પી.નં.૫, ફા.પ્લોટ નં.૨૬૪/૧, તથા ૨૬૪/૨ ની ૧૭૩૨ તથા ૧૭૩૨ આમ મળી કુલ ૩૪૬૪ ચો.મી.વાળી** જમીનની **રહેણાંકનાં હેતુ માટે** બીનખેતીની પરવાનગી મળવાની **તા.૨૨/૧૧/૨૦૧૦ ની** પુન : વિચારણા અરજી

(૨) મામલતદારશ્રી **વડોદરા શહેરના પત્ર નં.જમીન/વશી/૩૩૧૬/૨૦૧૦, તા.૧૫/૧૦/૨૦૧૦ થી** આવેલ દરખાસ્તનાં કાગળો.

(૩) નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઝોન સર્ટીફીકેટ નં.પત્ર **નં.યુડીએ/ઝોન સર્ટી/૧૯૧૮/ ૦૧ તા.૨૪/૧૦/ ૨૦૦૧**

(૪) નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના પત્ર નં.**યુડીએ/પ્લાન-૨/૬૧૯/૨૦૧૦ તા.૨૨/૦૯/૨૦૧૦** થી આવેલ અભિપ્રાય

(૫) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાના પત્ર નંબર ટેનન્સી/અપીલ/વશી/૧૬૫/૨૦૧૦ તા.૦૬/૦૧/૨૦૧૧

(૬) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીઓને અત્રેથી તા.૨૩/૦૮/૨૦૧૦ ના રોજ ઈસ્યુ કરેલ નોટીસ તથા રજુ થયેલ અભિપ્રાય

(૭) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫

(૮) જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧(૨)

(૯) ગુજરાત સરકાર, મહેસૂલ વિભાગના, ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક, તારીખઃ ૧-૭-૨૦૦૮

કલેકટર વડોદરા

[illegible]મ :

(૧) મોજે **સવાદ તા.વડોદરાના** નીચે જણાવેલ સર્વે નંબર વાળી ખેતીની જમીન **(૧) શ્રી શાહ રમેશભાઈ અંબાલાલ (૨) શ્રી શાહ સ્નેહલભાઈ રમેશભાઈનાં સંયુક્ત** ખાતે ચાલે છે.

| સર્વે નંબર | ટી.પી. નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧૭૫/૬/પૈકી ૨ | ૫ | ૨૬૪/૧ | ૧૭૩૨ |
| ૧૭૫/૬/પૈકી ૩ | | ૨૬૪/૨ | ૧૭૩૨ |
| | | કુલ | ૩૪૬૪ |

(૨) માલિકી હકકપણા (ટાઈટલ) બરાબર હોવાનું તથા યુએલસી કાયદા હેઠળ જમીન ફાજલ થયેલ નથી તેમજ સરકાર હસ્તક કબજો લેવાયેલ નથી તેમજ કબજો અરજદાર પાસે છે તથા જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલ ચાલુમાં નથી તેમજ જમીનમાં કોઈ સરકારી લેણું વસુલ લેવાનું બાકીમાં નથી તેમ મામલતદારશ્રીએ જણાવેલ છે.

(૩) સવાલવાળી જમીન જુની શરતની છે.

(૪) સવાલવાળી જમીન અંગે વુડા કચેરીનું **વંચાણ-૩** થી જરૂરી મુ.દિ.પુ.વિ.યોજનાનું ઝોન સર્ટી. રજુ થયેલ છે. જે જોતાં સવાલવાળી જમીન રહેણાંક ઝોનમાં આવે છે.

(૫) નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના **વંચાણ-૪** ના પત્ર મુજબ સવાલવાળી જમીન હાલ અમલી/મંજુર યોજના મુજબ રહેણાંક ઝોનમાં આવે છે. તથા મુ.દિ.પુ.વિ.યોજનામાં રહેણાંક ઝોન (આર-૧) માં આવે છે. જેથી રહેણાંક હેતુ માટે પરવાનગી આપવામાં આવે તો ઝોનની દષ્ટિએ વાંધા સરખું નથી તેમ હકારાત્મક અભિપ્રાય આપેલ છે.



FOR SANTRAM INFRATECH

PARTNER

(૬) **નાયબ કલેક્ટરશ્રી જ.સુ. વડોદરાના વંચાણ–૫** ના પત્રથી સવાલવાળી જમીન અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થતો ન હોઈ બિનખેતીના કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

(૭) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું **વંચાણ–૬** ના પત્રોથી જમીન સંપાદન અધિકારીશ્રીઓએ જણાવેલ છે.

(૮) મામલતદારશ્રીએ તપાસ કરતાં આ જમીન ઉપર બીનપરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી.કબજેદારે પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિશેષધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે. તથા રહેણાંક હેતુ દર ચો.મી.રૂા.૦–૨૫ પૈસા **પ્રમાણે** તથા પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રૂપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૯) ખાતેદારે બિનખેતીના **રહેણાંક હેતુ** માટેની **૩૪૬૪ ચો.મી. ૧૦/–રૂા.**ના દરે રૂપાંતરકરની રકમ **રૂા.૩૪,૬૪૦/–(અંકે રૂપિયા ચૌત્રીસ હજાર છસો ચાલીસ પુરા) તા.૨૩/૦૨/૨૦૧૧** ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે તથા માપણી ફી ની રકમ **અનુક્રમે ચલન નં.૬૧૬૨ રૂા.૬૦૦/– તા.૨૩/૦૨/૨૦૧૧** તથા **ચલન નં.૬૧૬૩ રૂા.૬૦૦/– તા.૨૩/૦૨/૨૦૧૧** ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં જમા કરાવી **ચલન** રજુ કરેલ છે.

(૧૦) સબબ, **મોજે સવાદ તા.વડોદરાના** નીચે જણાવેલ સર્વે નંબરવાળી જમીનના

| સર્વે નંબર | ટી.પી. નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧૭૫/૬/પૈકી ૨ | ૫ | ૨૬૪/૧ | ૧૭૩૨ |
| ૧૭૫/૬/પૈકી ૩ | | ૨૬૪/૨ | ૧૭૩૨ |
| | | કુલ | ૩૪૬૪ |

**રહેણાંકના રૂા. ૦–૨૫ પૈસા** પ્રમાણે **સામેલ પત્રકમાં દર્શાવેલ જણાવ્યા પ્રમાણે** વિશેષ ધારો તથા અન્ય ઉપકરો **પ્રવર્તમાન દરે** પત્રકમાં જણાવ્યા પ્રમાણે **તા.૧/૮/૨૦૦૯** થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની તથા **સક્ષમ સત્તાધિકારીશ્રી** પાસેથી મંજુર કરેલા નકશા તથા રજાચિઠ્ઠી મેળવી બાંધકામ કરવાની શરતે બીનખેતીના **રહેણાંકનાં હેતુ** માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

: **શરતો** :

## પરિશિષ્ટ–૪

## બિનખેતી પરવાનગી મેળવવા ઈચ્છતા અરજદારે પાલન કરવાની શરતો :

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.



FOR SANTRAM INFRATECH

PARTNER

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

## વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુંરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુંરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને વસુલ ભરેલો વિ.ધારા વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવામા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે.અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૬ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "



FOR SANTRAM INFRATECH

PARTNER

૨૧.

(૨૪) જમીન ધારકશ્રીએ **સક્ષમ સત્તાધિકારીશ્રી** તરફથી મંજુર થયેલ સુચિત નકશા મુજબ રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે તથા મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની એક નકલ દિન-૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) તેમજ વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૬) આ હુકમથી સામેલ પરવાનગીના સમયે જે નકશા મંજુર થયેલા હોઈ અને તેમાં જે કોમન પ્લોટની જગ્યા નકકી કરવામાં આવેલ હોય તે કોમન પ્લોટની જગ્યા કલેકટરશ્રીની પુર્વ મંજુરી સિવાય તબદીલ કે વેચાણ કરી શકાશે નહી.

(૨૭) આ જમીનનો **વિશેષધારો રહેણાંકના** કામે ૩૪૬૪ **ચો.મી.**ના દર ચો.મી.નાં **૦-૨૫** પૈસા પ્રમાણે **રૂા.૮૬૬/- તા.૧/૮/૨૦૦૯ થી** બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા **લોકલ ફંડ રૂા.૪૩૩/- અથવા પ્રવર્તમાન દરે** તથા **શિક્ષણ ઉપકર રૂા.૨૧૭/- વિશેષધારા** ઉપરાંત ભરવાનો રહેશે.તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૮) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

**રવાના કર્યુ**

**મામલતદાર(બિનખેતી)**
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર વડોદરા

**સહી/-**
**(વિજય નેહરા )**
**કલેકટર વડોદરા**

રજી.એ.ડી.થી

**પ્રતિ,**
**(૧) શ્રી શાહ રમેશભાઈ અંબાલાલ**
**(૨) શ્રી શાહ સ્નેહલભાઈ રમેશભાઈ**
૧૩, રાજગીરી સોસાયટી,
કારેલીબાગ,
વડોદરા.

**નકલ જયભારત સહ રવાના :-**

(૧) મ્યુનિસીપલ કમિશનરશ્રી,( બાંધકામ શાખા),વડોદરા મહાનગર સેવા સદન,ખંડેરાવ માર્કેટ,વડોદરા તરફ

(૨) મામલતદારશ્રી **વડોદરા (ગ્રામ્ય) તરફ** (હુકમની નકલ બે પ્રતમાં)
એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ **સને ૨૦૦૯-૨૦૧૦** નાં હિસાબોમાં સાધવા તથા ગામે તા.નં.નં.૨ તથા ૭/૧૨માં વિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારૂ.

(૩) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર વડોદરા

(૪) સીટી સર્વે સુપ્રિ.શ્રી ***નં.૩, વડોદરા*** તરફ (કામના કાગળો સહ)
૨/-જરુરી કાર્યવાહી થવા સારૂ

(૫) સર્કલ ઓફિસરશ્રી / સર્વેયરશ્રી,બિનખેતી શાખા,કલેકટર કચેરી,વડોદરા તરફ.

(૬) બિનખેતી શાખા,કલેકટર કચેરીના **કલમ--૬૬** દફતર તરફ

(૭) નાયબ નગર આયોજન અધિકારીશ્રી, નર્મદા ભુવન વડોદરા તરફ.

(૮) જન સેવા કેન્દ્ર,કલેકટર કચેરી,વડોદરા તરફ જરુરી કાર્યવાહી કરવા સારૂ.
( BAR CODE NO.VDR 406523 )



FOR SANTRAM INFRATECH

PARTNER

મોજે સવાદ તા.વડોદરાના સ.નં.૧૭૫/૬/પૈકી ૨ તથા ૧૭૫/૬/પૈકી ૩, ટી.પી.નં.૫, ફા.પ્લોટ નં.૨૬૪/૧ તથા ૨૬૪/૨ ની અનુક્રમે ૧૭૩૨ તથા ૧૭૩૨ આમ મળી કુલ ૩૪૬૪ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક

| બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ | નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ | વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈ. પ્રતિ ચો.મી.) | રૂપાંતરકર લેવાની વિગત (રૂા.૧૦/– પ્રતિ ચો.મી.) | લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના) | શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના) | કોલમ–૪નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| મોજે સવાદ તા.વડોદરા | ચો.મી. ૩૪૬૪ (રહેણાંક) | રહેણાંકના હેતુના દરે દર ચો.મી.ના ૦–૨૫ પૈસા પ્રમાણે | રૂા. પૈસા ૮૬૬/– (અંકે રૂપિયા આઠસો છાસઠ પુરા) | રૂા. પૈસા ૩૪,૬૪૦/– (અંકે રૂપિયા ચૌત્રીસ હજાર છસો ચાલીસ પુરા) | રૂા. પૈસા ૪૩૩/– (અંકે રૂપિયા ચારસો ત્રેત્રીસ પુરા) | રૂા. પૈસા ૨૧૭/– (અંકે રૂપિયા બસો સતર પુરા) | તા.૦૧/૦૮/૦૯ થી પ્રવર્તમાન દરે જે વધુ હોય તે |

| સર્વે નંબર | ટી.પી .નં. | ફા.પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧૭૫/૬/પૈકી ૨ | ૫ | ૨૬૪/૧ | ૧૭૩૨ |
| ૧૭૫/૬/પૈકી ૩ | | ૨૬૪/૨ | ૧૭૩૨ |
| | | કુલ | ૩૪૬૪ |

કબજેદારશ્રી :–
(૧) શ્રી શાહ રમેશભાઈ અંબાલાલ
(૨) શ્રી શાહ સ્નેહલભાઈ રમેશભાઈ

નોંધ :– રૂપાંતરકરની રકમ રૂા.૩૪,૬૪૦/–(અંકે રૂપિયા ચૌત્રીસ હજાર છસો ચાલીસ પુરા) તા.૨૩/૦૨/૨૦૧૧ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યુ
મામલતદાર(બિનખેતી)
કલેક્ટર કચેરી,વડોદરા

કલેક્ટર વડોદરા

સહી/–
(વિજય નેહરા)
કલેક્ટર વડોદરા

FOR SANTRAM INFRATECH
PARTNER